ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



# હા... સાહેબ !

"કેમ આજકાલ શું ચાલે છે..?! મંત્રીઓ પ્રવાસમાં લાગે છે..!?!"

"હાસ્તો..! દરેક મંત્રીઓને ખાસ સુચના અપાઈ છે કે ભારે વરસાદથી સર્જાયેલી તારાજીવાળા વિસ્તારમાં જાત તપાસ કરવી અને પ્રજાનો સંપર્ક કરવો..! ગતિશીલ સરકાર છે... સંવેદનશીલ સરકાર છે... ઓછા કંઈ ગાંધીનગરમાં બેસી રહે..?!"

"ઓ હો હો..! મંત્રીઓ પ્રવાસમાં જઈ જાણે કલ્યાણ ના કરી નાખતા હોય... એવો દેખાડો કરો છો..! ક્યાં જઈને કોણ શું કરે છે એ દુનિયા આખી જાણે છે..! બે ફોટા પડાવ્યા ને ઈન્ટરવ્યુ આપ્યા એટલે કલ્યાણ-કલ્યાણ થઈ ગયું..?!"

"ખરા છો..!! પ્રવાસમાં જાય તોય દુઃખ.... ના જાય તોય દુઃખ..! તમારાથી તો તોબા તોબા..!!"

"અમારી સરકાર એ કામ કરતી સરકાર છે..! આપત્તિમાં આંસુ લુછતી સરકાર છે..! પ્રજાની પડખે રહેતી સરકાર છે..!"

"હં...અ..! એટલે જ ૧૧૭માંથી ૯૯ ઉપર આવ્યા... એમજને..!?! અને હજુ તો જોજો..!! ૧૯ના ખેલ..!!"

"એમ કંઈ દમ ના મારો હોં..! તમારો સંઘ કંઈ કાશીએ પહોંચવાનો જ નથી..! મમતા ને માયાવતી... અખિલેશ અને રાહુલ... ચંદ્રાબાબુ અને ઉદ્ધવ ઠાકરેના ઠેકાણા તો પડવા દો..!! શરદ પવારનું ઢોલ જુદુ વાગે અને શરદ યાદવ અને લાલુનું પીપુડું જુદુ વાગે..!! અને ડાબેરીઓના ડંકા તો ઉંધા જ પડે..!!"

"અચ્છા... અચ્છા..!! તમને બીક લાગે છે..?! આ બીકનો વલોપાત છે..!! અમે સાથે રહીને જીતીશુ કે જીતીને સાથે રહીશું..! પણ પરસેવો તો પડાવીશુ તમને એ વાત લખી રાખજો..!!"

"એ વાતમાં તો માલ જ નથી..!! અમારા સાહેબના લેવલનો કોઈ નેતા છે તમારી પાસે..!?! કે એમના જેટલું વિચારી શકે..! એમના જેવું બોલી શકે... એમના જેવો વહીવટ કરી શકે..!!"

"...બસ બસ..! બહુ થયું..! જાણે તમારા સાહેબ પહેલા દેશ ચાલતો જ ન્હોતો..!?! સાત દાયકામાં દેશે જે તાકાત ઉભી કરી છે... એના ઉપર તમારે તો તાગડધીન્ના છે..! તમારે તો ક્યાં કશું નવું કરવાનું છે..?! મુળિયા તો વર્ષોથી નંખાયા છે..! તમારે તો સાચવવાના છે..!!"

"હા... એ તો તમે એમજ કહેશો ને..?! તમને તો વિકાસ દેખાતો જ નથી..! તમારાથી તો જોવાતો જ નથી..?! દુનિયામાં દેશનું નામ ગાજે છે તે સંભળાતું જ નહીં હોય..!! આંખમાં મોતિયો આવ્યો છે ને કાનમાં બહેરાશ આવી છે..?! જરા ચશ્મા ચડાવીને જુવો... દેશની પ્રગતિ આંખે ઉડીને વળગશે..!!"

"કઈ પ્રગતિની વાત કરો છો..?! વિશ્વના બજારમાં રોજ રૂપિયો ગગડે છે તે પ્રગતિની વાત કરો છો..?! બેરોજગારોની સંખ્યા વધતી જ જાય છે..!! ગુનાખોરી અને હિંસામાં વિશ્વમાં કયા ક્રમાંકે છે એ જુવો..! શિક્ષણમાં આપણે ક્યાં અટવાયા છીએ એ જુઓ.... પછી વિકાસના ગાણા ગાઓ..!!"

"તમારી પીન ચોંટી જ ગઈ છે..! ઈટાલીના ચશ્મા ઉતારો અને જરા તટસ્થભાવથી ભગવાન માથે રાખી વિચારશો તો તમે જ કહેશો... ના..! વિકાસ થયો છે..!!"

"સાચી વાત કહું..?! વિકાસ માત્ર ભૌતિક સુખ-સુવિધાઓથી ના માપીએ, પણ માપદંડ તરીકે માનવીય વિકાસનું સ્તર ઉંચે લઈ જવાનો પ્રામાણિક પ્રયાસ કરીએ એજ વિકાસની સાચી દિશા બની રહેશે..!! ખરૂને ?!"

"હા... સાહેબ... હા..!!"





આવ રે વરસાદ... - શહેરમાં લાંબી રાહ જોવડાવ્યા બાદ ગુરૂવારે સાંજે હળવુ ઝાપટુ પડતા શહેરમાં ઉલ્લાસની લાગણી પ્રસરી હતી... છેલ્લા દસ દિવસથી સમગ્ર સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદના સમાચારના પગલે ગાંધીનગર અને ઉત્તર ગુજરાતમાં વરસાદના આગમનની ઉત્સુકતા વધતી હતી... ક્યારે મેઘરાજા મન મુકીને વરસશે... રોજે રોજ વાદળો છવાતા આશા બંધાતી હતી પણ વરસાદ હાથતાળી આપતો હતો... ગુરૂવારની સાંજે અમીવર્ષાની જેમ હળવું ઝાપટુ વરસતા શહેરમાં હવે વરસાદી માહોલ જામવા લાગ્યો છે...

# ભાટ-એપોલો સર્કલ પર ફલાય-ઓવર ઔડા-સરકાર બનાવશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ભાટ નજીકના એપોલો સર્કલ પર ફલાય ઓવર બ્રીજ બાંધવામાં આવશે.

પૂર્વ-પશ્ચિમ માર્ગ પર આ ફલાય ઓવર બ્રીજ માર્ગ-મકાન વિભાગ અને ઔડા દ્વારા સહભાગીદારીમાં નિર્માણ કરાશે.

આ માટે માર્ગ-મકાન વિભાગે તૈયારી બતાવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે. તો બીજી તરફ આજે ઔડાની મળેલ બોર્ડ બેઠકમાં ચેરમેન અને કારોબારી અધિકારીને સત્તા સુપ્રત કરતો નિર્ણય પણ લેવામાં આવ્યો છે.

ઔડા દ્વારા રીંગરોડ પર શાંતિપુરા અને નરોડા-દહેગામ ક્રોસ રોડ પર ઓવરબ્રીજ બાંધવાનું કામ હાલ ગતિમાં છે જ્યારે આ ભાટ નજીક એપોલો સર્કલ પર માર્ગ-મકાન વિભાગની દરખાસ્ત મુજબ ફલાય ઓવર બ્રીજ બનાવાશે.

ઔડાએ બજેટમાં પણ આ અંગે જોગવાઈ કરી છે તેમજ તાજેતરમાં માર્ગ-મકાન વિભાગે પણ ઈન્દિરાબ્રીજ ગાંધીનગર માર્ગ પરના ટ્રાફિક તેમજ વિદેશી મહેમાનોની આવન-જાવન અને તેમના પ્રોટોકોલ તેમજ સલામતીના કારણોસર ફલાય ઓવરબ્રીજ બનાવવાનું માર્ગદર્શન આપી આ માટે સહભાગીદારીમાં આગળ વધવાનું જણાવ્યુ હોવાનું માર્ગ-મકાન વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર-સરખેજ હાઈવે પછી હવે ઈન્દિરાબ્રીજ-ગાંધીનગર માર્ગ પર આ ફલાય ઓવરબ્રીજ બનશે.

આમ ગાંધીનગર-અમદાવાદને જોડતા બન્ને મુખ્ય માર્ગોના વિકાસ માટે હવે સરકાર ગંભીર બની છે એટલુ જ નહિ ટ્રાફિકના વધતા જતા ભારણને પણ હળવુ કરવામાં આ ફલાય ઓવર બ્રીજ મહત્વનો પુરવાર થશે તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## ગાંધીનગર-ઈન્દિરાબ્રીજ માર્ગ પર ઔડા અન્ડર પાસ રોડ બનાવશે

**માર્ગ-મકાન વિભાગ સાથે સહભાગીદારીમાં અન્ડરપાસ બનાવવા તેમજ અભ્યાસ માટે જવાબદારી સોંપાઈ**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર-ઈન્દિરાબ્રીજ વચ્ચે અન્ડર પાસ રોડ બનાવવાનો સૈદ્ધાંતિક નિર્ણય આજે ઔડાની મળેલ બેઠકમાં લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંગે માર્ગ-મકાન વિભાગને પણ જાણ કરી અને અભિપ્રાય આપવા ઉપરાંત સહાય કરવા માટે પણ સૂચવવામાં આવે તેવા સંકેતો મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ઈન્દિરાબ્રીજથી ગાંધીનગર તરફ જતા રસ્તા ઉપર દેશ-વિદેશના મહેમાનોની અવરજવર તથા તેમની સલામતી અને પ્રોટોકોલને ધ્યાને લેતાં આ રસ્તા પરથી પસાર થતા ટ્રાફિક કોઈપણ અંતરાય વગર પસાર થઈ શકે અને તેમજ કોઈજ કનેક્શન આ રસ્તા પર ન મળે તેવી રીતે વ્યવસ્થા ગોઠવવી હિતાવહ હોવાથી આ રસ્તાની બન્ને બાજુએ આવેલ ઔડાની ટીપી સ્કીમ નં. ૨૩૮, ૨૩૯, ૮૦ અને ૭૯ આવેલી છે.

આ ટી.પી. સ્કીમના રસ્તાઓનું જોડાણ આ રસ્તાના સર્વિસ રોડ પર થાય છે તેથી સદર ટી.પી. સ્કીમના રસ્તાના જંકશન પરથી સામેની દિશામાં જવા અન્ડર પાસ બનાવવાની બાબતે આજે સૈદ્ધાંતિક નિર્ણય લેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આ માર્ગ પર અન્ડરપાસ બાંધવા

● અનુસંધાન પાન-૭ પર

## આરટીઓ દ્વારા પ્રતિદિન ૧ લાખના દંડની વસુલી

**આર ટી ઓ કચેરી દ્વારા જુના અને નવા ઇ મેમા તેમજ ટ્રાફિકના નિયમનના ભંગ બદલ તગડા દંડની વસુલાત**

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા પ્રતિદિન રૂ ૧ લાખના દંડની વસુલાત કરવામાં આવી રહી છે. જુના તેમજ નવા ઈ મેમો ઉપરાંત માર્ગ પર દોડતા ઓવરલોડ વાહનો સહીત અન્ય ટ્રાફિક નિયમનના ભંગ બદલ આર ટી ઓ તંત્ર રોજ રૂ ૧ લાખના દંડની વસુલી કરે છે. જયારે ટેક્ષના મામલે પણ ૧૮ દિવસમાં સ્થળ પર મેમો આપી અઢી લાખની વસુલાત પણ કરવામાં આવી છે.




ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ટ્રાફિક નિયમનના ભંગ બદલ દંડ વસુલી કરવામાં આવી રહી છે. જયારે ઈ મેમો ના આધારે પણ તોતિંગ દંડ વસુલી કરવામાં આવી રહી છે. માર્ગ પર ટ્રાફિક નિયમનનો ભંગ કરી બેફામ દોડતા વાહન ચાલકો પણ દંડાય છે. જયારે આર ટી ઓ તંત્રમાં વાહનોના જુના તેમજ નવા ઈ મેમોની નોંધ પણ હોય છે. જેથી વાહનોની ટ્રાન્સફર વેળાએ પણ બાકી ઈ ચલણના આધારે દંડની વસુલી કરવામાં આવે છે. આર ટી ઓ તંત્ર દ્વારા હાલ આ મામલે વાહનોનો રેકર્ડ ઓન લાઈન રાખવામાં આવે છે. જયારે આર ટી ઓ તંત્ર દ્વારા આ પ્રકારના જુના અને નવા ઈ મેમોના આધારે દંડની વસુલી પણ કરવામાં આવે છે. ઈ મેમા માટે સમગ્ર રાજયમાં આર ટી ઓ ઈન્સપેકટરોને ૩૫૦ જેટલા ટેબલેટ પણ આપવામાં આવ્યા છે. ગાંધીનગર આર ટી ઓ કચેરી પ્રતિદિન રૂ ૧ લાખના દંડની વસુલી કરે છે. જેમાં નવા અને જુના ઈ મેમો સહીત ટ્રાફિક નિયમનના ભંગનો પણ સમાવેશ થાય છે. છેલ્લા ૧૮ દિવસમાં ટેક્ષના મામલે આર ટી ઓ કચેરીએ રૂ ૨.૫૦ લાખનાં દંડ વસુલ્યો છે.

# હવે રાજ્યનું એકપણ ગામ સંપર્કવિહોણુ નથી : રૂપાણી

અમદાવાદ,તા. ૧૯

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં થયેલી



અતિવૃષ્ટિ, ભારે વરસાદની સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં કરી હતી. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં આ બેઠક યોજવામાં આવી હતી. રૂપાણીએ બેઠક બાદ ઉભી થયેલી સ્થિતિનું ચિત્ર રજૂ કર્યું હતું. તેમણે બેઠકમાં અસરગ્રસ્ત વિસ્તારોના રસ્તા, વિજળી, પાણી, આરોગ્ય, ઘરવખરી, કેસડોલ્સ સહાય, ખેતીની જમીનની સ્થિતિ સંપૂર્ણ વિગતો મેળવી હતી. રૂપાણીએ માહિતી આપતા કહ્યું છે કે, રાજ્યનું એક પણ ગામ હવે સંપર્કવિહોણુ નથી. એનડીઆરએફની ૨૨ ટીમો બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. ઘરવખરી નુકસાન સર્વે માટે મહેસુલ વિભાગની ૩૨૪ ટીમો લાગેલી છે. ૨૮૯ ગામોની ખેતીને નુકસાન, જમીન ધોવાણ સર્વે માટે ૧૨૦ટીમની રચના કરવામાં આવી છે. રોગચાળા અટકાયત આરોગ્ય સુવિધા માટે ૨૯૦ ટીમો કાર્યરત થયેલી છે. તંત્રની સતર્કતાના પગલે ૨૬૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હજુ સુધી ૨૭૩૦૦ ફુડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. ૪૦૨૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. રાજ્યમાં ૪૨૫ માર્ગો રિપેર કરવામાં આવ્યા છે. ૧૩ જળાશયો સંપૂર્ણપણે ભરાઈ ગયા છે. વિજ પુરવઠાને અસર પડેલા તમામ ૩૫૧૫ ગામોમાં વિજ પુરવઠો પૂર્વવત કરવામાં આવ્યો છે. વરસાદની અસર ઓછી થતાં રોગચાળાને રોકવા માટે સાફ સફાઈ અને આરોગ્ય વિષયક પગલા લેવા માટે જિલ્લાઓને કહેવામાં આવ્યું

**એનડીઆરએફની ૨૨ ટીમો કામે લાગેલી છે : ઘરવખરી નુકસાન સર્વે માટે મહેસુલ વિભાગની ૩૨૪ ટીમો કાર્યરત : ખેતી નુકસાન, જમીન ધોવાણ સર્વે માટે ટીમ**

છે. રાજ્યમાં સારા વરસાદથી ખેતી પાક સારો થશે. પીવાના પાણીની સમસ્યા રહેશે નહીં. ગયા વર્ષે ૧૮મી જુલાઈની સરખામણીમાં આ વર્ષે ૩ ટકા વધુ વરસાદ થયો છે. વર્ષ ૨૦૧૮માં ૪૫ ટકા અને ૨૦૧૭માં ૪૨ ટકા વરસાદ આ ગાળા દરમિયાન નોંધાયો હતો.

રૂપાણીએ વિગત આપતા કહ્યું હતું કે, જે વિસ્તારોમાં વરસાદ ઓછો થયો છે ત્યાં કંડાણા જળાશય, સુજલાફ સુફલામ જળથી તળાવો ભરીને કચ્છ-મોરબી માળિયા, ધાંગ્રધ્રા સુધી નર્મદા કેનાલમાં પાણી વહાવી ખેતી પાકો માટે ખેડૂતોને પાણી અપાશે.

તેમણે ઉમેર્યું હતું કે, પ્રચાર માધ્યમોને રાજ્યમાં સર્જાયેલી સ્થિતિ અને રાજ્ય દ્વારા લેવામાં આવેલા પગલાની માહિતી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, વરસાદ બિલકુલ થયો નથી તેવા કોઈ જ વિસ્તાર, તાલુકા રાજ્યમાં નથી. રાજ્યના ૨૨૫ તાલુકામાંથી પાંચ ઈંચથી ઓછા વરસાદવાળા ૬૦ તાલુકા રહ્યા છે. હજુ પણ વ્યાપક વરસાદ થવાની સંભાવના છે. તેમણે ઉમેર્યું હતું કે, ખેડૂતોને તમામ સુવિધા આપવામાં આવશે.

# પુરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળાનું તોળાતુ સંકટ

અમદાવાદ, તા.૧૯

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદનું જોર ઘટી રહ્યું છે. વરસાદની ગતિ ધીમી પડતા પુરના પાણી ઉતર્યા બાદ હવે પુરગ્રસ્ત વિસ્તારોમાં રોગચાળાની દહેશત પ્રવર્તી રહી છે. રોગચાળાને રોકવા માટે પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી પૂરના પાણી ઓસરી રહ્યા હોઈ એકબાજુ સરકાર અને તંત્રએ રાહતનો દમ લીધો છે પરંતુ બીજીબાજુ, પૂરના પાણી ઓસરતાં તબાહી અને તારાજીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. ઠેર-ઠેર કાદવ-કીચ્ચડ, ગંદકી, દુર્ગંધ અને કચરાના દ્રશ્યો નજરે પડી રહ્યા છે. જેને લઈ હવે રોગચાળાની દહેશત લોકોને સતાવી રહી છે. સ્થાનિક લોકોએ તંત્રને આરોગ્યને લઈ તાકીદે અસરકારક પગલાં

**ઠેર ઠેર કાદવ-કીચડ અને ગંદગીનો માહોલ : તંત્રને તાકિદે પગલા લેવા માટે સૂચના : સાવચેતીના તમામ પગલા લેવાયા**

ભરવા માંગણી કરી છે. તો, જે વિસ્તારોમાં હજુ વરસાદી અને પૂરના પાણી ભરાયેલા છે તે લોકો પાણી ઓસરવાની રાહ જોઈ રહ્યા છે. છેલ્લા એક સપ્તાહથી આ વિસ્તોરમાં ખાવા-પીવાની અને જીવન

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યના ૧૯ જળાશયો હાઈએલર્ટ પર : પાંચ ડેમ માટે એલર્ટની જાહેરાત

**જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં પાણીની સપાટી ૧૧૧.૨૩ મીટર : ડેમ ૩૯.૭૮ ટકા ભરાઈ ચુક્યો છે**

અમદાવાદ, તા.૧૯

રાજ્યના પૂર નિયંત્રણ એકમ, ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા.૧૯-૭-૨૦૧૮ના રોજ સવારે આઠ વાગ્યે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન વ્યાપક વરસાદના કારણે રાજ્યના ૧૯ જળાશયો હાઈએલર્ટ, પાંચ જળાશયો એલર્ટ તેમજ ૧૩ જળાશયો માટે ચેતવણી આપવામાં આવી છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર (નર્મદા ડેમ) ૧૧૧.૨૩ મીટરની સપાટીએ પહોંચ્યો છે. આ સાથે નર્મદા ડેમ ૩૯.૭૮ ટકા ભરાયો છે. રાજ્યમાં નવસારી જિલ્લાનું ઝૂજ અને કેલિયા, અમરેલીનું વાડિયા અને ધાતરવાડી, જામનગરનું પુના, ઉન્ડ-૩ અને કુલઝર-૧, ભાવગરનું રોજકી અને બાગડ, ગિર સોમનાથનું મચ્છુન્દ્રી, જૂનાગઢનું મધુવંતિ,

● અનુસંધાન પાન-૭ પર

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE



તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**તાત્કાલિક ભાડે/વેચાણથી જોઈએ છે**
1-5 BHK ફ્લેટ/બંગલો/ટેનામેન્ટ/પ્લોટ (Resi./Comm.)
200-5000 ft. ઓફીસ/દુકાન/શો-રૂમ/ગોડાઉન/શેડ
Bank/MNC Family/Bachelor/Hostel માટે ઈન્ફોસીટી, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ, સે.-૧ થી ૩૦, GIDC
THE SPACE ✆93288 01440, 93287 01440
E-mail : npthespace@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com